### સંખેડામાં ચોમાસું નજીક છતાં બારદાન ખૂટતા મકાઈની ટેકાના ભાવે ખરીદી ધીમી

## સંખેડા : બારદાન વિના મકાઈ ખરીદી ઠપ

**814 માંથી માત્ર 45 ખેડૂતોની મકાઈ ટેકાના ભાવે ખરીદાઈ, સંખેડા કોંગ્રેસ પ્રમુખે સરકારી ગોડાઉનની મુલાકાત લીધી**

(પ્રતિનિધિ) સંખેડા, તા.28

સંખેડા તાલુકા ના ટેકા ના ભાવે મકાઈ વેચવા રજીસ્ટ્રેશન કરેલા 814 ખેડૂતો માંથી આજ દિન સુધી બારદાન ન હોવાના કારણે માત્ર 45 ખેડૂતો ની મકાઈ ખરીદાઈ.

બહાદરપુર ખાતે આવેલ ગુજરાત રાજ્ય પુરવઠા નિગમ દ્વારા ટીકાના ભાવે મકાઈની ખરીદી માટે સંખેડા તાલુકાના 814 જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે 1 મે ના રોજ થી ખરીદી શરૂ કરવામાં આવશે તેમ સરકાર દ્વારા જણાવ્યું હતું પરંતુ ચૂંટણી પત્યા બાદ સતાપરના નેતાઓ એકબીજાને ખો આપતા મકાઈ ભરવાના બારદાન ન આવવાના કારણે તારીખ 12 મે ના રોજ થી મકાઈની ખરીદી થતા રાજનેતાઓ દ્વારા ઉદઘાટન કરવા પહોંચ્યા પણ બારદાન ઓછા હોવાથી રોજ ચાર થી પાંચ મંથન ગતિએ ખેડૂતોની મકાઈ ખરીદી કરવામાં આવતી હતી અને આજે તારીખ 28, 5. 2026 ના રોજ માત્ર 814 ખેડૂતોમાંથી માત્ર 45 ખેડૂતોની બારદાન ન હોવાથી મકાઈની ખરીદી કરવામાં આવી હતી જેની રજૂઆત ખેડૂતો દ્વારા વારંવાર




રજૂઆત કરવામાં આવતા હોવા છતાંય સંખેડા તાલુકાના સતાપરના નેતાઓ જાણે અંજાન હોય એમ દેખાઈ આવ્યું હતું અને આજે સંખેડા કોંગ્રેસ પ્રમુખ યોગેશભાઈ વરનામિયા તેમજ કોંગ્રેસ કાર્યકરો દ્વારા સરકારી ગોડાઉન ખાતે પુરવઠા મેનેજર ની મુલાકાત લેતા ગોડાઉન મેનેજર દ્વારા જણાવ્યું હતું કે બારદાન ન હોવાના કારણે મકાઈ રજીસ્ટ્રેશન કરેલા ખેડૂતોને વધુ નથી બોલાવી શકતા અને વધુમાં જણાવ્યું હતું કે દરેક ખેડૂતનો માલ લેવાનો છે પણ બારદાન પૂરતા નથી આવતા ત્યારે કોંગ્રેસના પ્રમુખ દ્વારા સ્થળ મુલાકાત કરતા જણાવ્યું હતું કે હાલ વરસાદ આવવાનો સમય થઈ ગયો છે અને ખેડૂતો વિકટ પરિસ્થિતિમાં મુકાયેલા ખેડૂતોનો અવાજ બની કોંગ્રેસ કાર્યકરો દ્વારા આવનાર બે દિવસમાં જો આવી જ પરિસ્થિતિ રહેશે તો ખેડૂતો સાથે મામલતદાર તેમજ કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપી રૂબરૂ રજૂઆત કરીશું અને ચોમાસા પહેલા તમામ રજીસ્ટ્રેશન કરેલ ખેડૂતોની મકાઈ ટેકાના ભાવે ખરીદાય તેવી ગોડાઉન પુરવઠા મેનેજરને રજૂઆત કરવામાં આવી હતી.

## શંકરટેકરી-કબ્રસ્તાન રોડની સાઈડોમાં પુરાણ ન થતાં વાહનચાલકો પરેશાન

**પાવીજેતપુરમાં નવો રોડ બન્યો પણ સાઇડનું કામ બાકી; લોકોમાં રોષ**

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.28

પાવીજેતપુર પંથકમાં જેતપુર ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા કેટલાક સમય દરમિયાન અનેક નવા રોડોના કામો કરવામાં આવ્યા હતા, જે લોકસુવિધા માટે સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે. જોકે કેટલાક રોડોના કામ પૂર્ણ થયા બાદ પણ રોડની બંને સાઈડોમાં પુરાણ કરવામાં આવ્યું નથી તેમજ પેવર બ્લોક કે અન્ય સુરક્ષાત્મક કામગીરી પણ અધૂરી હાલતમાં હોવાનું જોવા મળી રહ્યું છે.



ખાસ કરીને શંકરટેકરીથી કબ્રસ્તાન તરફ જતો નવો રોડ હાલ ચર્ચાનો વિષય બન્યો છે. આ માર્ગ પર મહાદેવ મંદિર તેમજ કબ્રસ્તાન આવેલાં હોવાથી રોજબરોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોય છે. પરંતુ રોડની સાઈડોમાં માટી પુરાણ ન થતાં વાહનચાલકો તેમજ રાહદારીઓને અવરજવર દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોમાંથી મળતી માહિતી મુજબ રોડ ઊંચો બન્યો હોવા છતાં બાજુઓમાં પુરાણ ન હોવાથી વરસાદી માહોલ દરમિયાન અકસ્માતનો ભય પણ સેવાઈ રહ્યો છે. નવા રોડની સુંદરતા પણ અધૂરી કામગીરીને કારણે બગડી રહી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિક લોકોએ ગ્રામ પંચાયત તથા સંબંધિત તંત્રને રોડની સાઈડોમાં તાત્કાલિક પુરાણ તેમજ જરૂરી કામગીરી પૂર્ણ કરવા માંગ કરી છે જેથી લોકો સુરક્ષિત અને સરળતાથી અવરજવર કરી શકે.

### શિનોર પોલીસે "ઓપરેશન પરાક્રમ" હેઠળ મોટી કાર્યવાહી કરી

## GUJCTOC ગુનાઓમાં સંડોવાયેલા ચૂઈ ગેંગના બે આરોપી ઝડપી પાડયા

(પ્રતિનિધિ) શિનોર, તા.28

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત શિનોર પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. માલસર ગામે બનેલા ગુનામાં ચૂઈ ગેંગ તથા GUJCTOCના ગુનાઓમાં સંડોવાયેલા બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા જિલ્લામાં અસામાજિક તત્વો સામે સખત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. માલસર ગામે બનેલા બનાવમાં આરોપીઓએ ગેરકાયદેસર ટોળકી બનાવી ફરીયાદી સાથે મારામારી કરી જાનથી મારી




નાખવાની ધમકી આપી હતી. બનાવ બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

શિનોર પોલીસને મળેલી બાતમીના આધારે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ચૂઈ ગેંગ સાથે સંકળાયેલા અરૂણ જયેશભાઈ માછી અને રવિ ઉર્ફે કાળીયો સુભાષભાઈ માછીને ઝડપી પાડવામાં આવ્યા હતા. બંને આરોપીઓ અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ રેકોર્ડ મુજબ આરોપીઓ સામે હત્યાના પ્રયાસ, મારામારી, દારૂના ગુનાઓ, અપહરણ સહિત GUJCTOC હેઠળના અનેક ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે જણાવ્યું હતું કે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આવા અસામાજિક તત્વો સામે આગળ પણ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સાવલીમાં મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની ઉજવણી કરી

(પ્રતિનિધિ) સાવલી, તા.28

સાવલી તાલુકામાં મુસ્લિમ બિરાદરોએ ભારે ઉત્સાહ અને આસ્થા ની સાથે બકરી ઈદના પર્વની ઉજવણી કરી હતી વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરો પોત પોતાની ગામોની ઈદગાહો અને મસ્જિદોમાં ઈદની વિશેષ નમાજ અદા કરવા માટે પહોંચી ગયા હતા જ્યાં ભારે શિસ્ત ની સાથે નમાજ અદા કરવામાં આવી હતી ત્યારબાદ એકબીજા ના ગળે મળીને ઈદની શુભેચ્છા અને મુબારક બાદ પાઠવી હતી આ પ્રસંગે હિન્દુ અગ્રણીઓ એ પણ મુસ્લિમ બિરાદરોને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી આ વેળાએ ભારે કોમી એકતાના દ્રશ્યો સર્જાયા હતા સાવલી તાલુકાના ગોઠડા ભાદરવા મંજુસર ટુંડાવ રાણીયા વાંકાનેર સાવલી શહેર




કરચિયા પાલડી લસુન્દ્રા જેવા ગામોમાં ભારે ઉત્સાહભેર ઈદની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે વિવિધ ગામોની ઈદગાહો માંથી દુઆએ ખાસ કરવામાં આવી હતી જેમાં ભારત દેશની એકતા તેમજ કોમી એકતા અને દેશની અખંડિતતા તેમજ માનવ કલ્યાણ અર્થે દુઆ ગુજારવામાં આવી હતી ત્યારબાદ ઈસ્લામ ધર્મની માન્યતા મુજબ કુરબાની ની રસમ અદા કરવામાં આવી હતી આ પ્રસંગે પોલીસ વિભાગે ભારે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ને શાંતિપૂર્ણ માહોલમાં ઈદ ની ઉજવણી સંપન્ન કરવામાં આવી હતી.

## ૩.૮.૪૩ કરોડના બાકી લેણામાં 'જલ સેવા ભવન' પર કોર્ટની જપ્તી નોટિસ

**કરોડોના વિવાદમાં છોટાઉદેપુર જલ સેવા ભવનના દરવાજે કોર્ટની નોટિસ ચોંટાડાતા ચકચાર**

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28

છોટાઉદેપુરની પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરી (જલ સેવા ભવન) ખાતે કોર્ટ નોટિસ લગાડવામાં આવી હતી. પહલ એન્જિનિયરિંગના પ્રોપ્રાઈટર દ્વારા આ કચેરી વિરૂદ્ધ છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ કોર્ટ માં રૂપિયા 8,43,58,868.99 ના બાકી લેણા માટે તા. 27 ઓગસ્ટ 2025 ના રોજ કેસ દાખલ કરવામાં આવ્યો હતો . જે નામદાર કોર્ટમાં ચાલી જતા નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા તા 8.5.2026 ઓર્ડર ન 21, નિયમ ન 54 સીપીસી મુજબ કચેરી ની સ્થાવર મિલકત ઉપર સ્ટેચમેન્ટ કરવાનો આદેશ કર્યો છે. અને આ મિલકત વેચાણ, હસ્તાંતરણ, ભાડે આપવા, દાન ભેટ આપવા કે અન્ય કોઈ હક્ક સર્જવા મનાઈ ફરમાવવામાં આવી છે. આ નોટિસ છોટાઉદેપુર ખાતે આવેલ જલ સેવા


IN THE COURT OF S.M. TANK
PRINCIPAL DISTRICT and SESSIONS JUDGE, CHHOTA UDAIPUR,
CHOTA UDAIPUR.
ATTACHMENT IN EXECUTION, PROHIBITORY ORDER, WHERE THE PROPERTY CONSISTS OF IMMOVABLE PROPERTY.
(O. 21, R. 54)
COMM EX/1/2025
PAHAL ENGINEERS THROUGH ITS PROPRIETOR
MR. PRITESH SHANKARLAL SHAH Vs
EXECUTIVE ENGINEER, PUBLIC HEALTH WORKS DIVISION

ઉપરોક્ત કેસમાં માનનીય કોર્ટશ્રીએ ઓર્ડર ૨૧ નિયમ ૫૪ સી.પી.સી. મુજબ નીચે દર્શાવેલ સ્થાવર મિલકત ઉપર (Attachment) કરવાનો આદેશ કર્યો છે.
જણાવવામાં આવે છે કે આ મિલકત :
✦ વેચાણ કરવી નહીં ✦ હસ્તાંતરણ કરવું નહીં ✦ ગીરવે મુકવી નહીં ✦ ભાડે આપવી નહીં
✦ ભેટ/દાન આપવું નહીં ✦ અન્ય કોઈ હક્ક સર્જવો નહીં

ભવન ના દરવાજે ચોંટાડવામાં આવેલી જોવા મળી રહી છે. જોકે નામદાર કોર્ટ દ્વારા વાસ્મો ના એક્ઝ્યુકેટિવ એન્જિનિયર ને તા 1 જૂન 2026 ના રોજ કોર્ટમાં હાજર રહેવા પણ જણાવ્યું છે.

નામદાર કોર્ટ દ્વારા કરાયેલા આ હુકમની નકલ કચેરી ના દરવાજે ચોંટાડાતા નગરમાં ચકચાર મચી જવા પામી હતી. જલ સેવા ભવનના અધિકારી નો ટેલિફોનીક સંપર્ક કરતા તેમણે રજા ઉપર હોવાનું જણાવ્યું હતું અને આ બાબતે કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

## ગુજરાત સરકાર સાથે શિક્ષણ અને આરોગ્ય સુધારા માટે સમજૂતી કરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ટોયોટા કિર્લોસ્કર મોટર (TKM) એ ગુજરાત સરકાર સાથે શિક્ષણ અને આરોગ્યસંભાળ ક્ષેત્રે સુધારા માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ પહેલ અંતર્ગત ગાંધીનગર, સુરત, રાજકોટ અને જામનગરમાં સમુદાય પુસ્તકાલયો, મોબાઈલ કમ્પ્યુટર શિક્ષણ, અદ્યતન તકનીકી તાલીમ અને તબીબી સાધનો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, TKM ના કન્ટ્રી હેડ વિક્રમ ગુલાટી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. પહેલ હેઠળ સમુદાય પુસ્તકાલયો સ્થાપી 3 લાખથી વધુ વિદ્યાર્થીઓને વાંચન અને અભ્યાસ માટે સુવિધા મળશે. સુરતના ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ કમ્પ્યુટર




એજ્યુકેશન ઈ-બસ દ્વારા આશરે 8 હજાર વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણ આપવામાં આવશે. જામનગર ITI ખાતે T-TEP કાર્યક્રમ હેઠળ 29 ટ્રેડમાં 3,700 વિદ્યાર્થીઓને ટેકનિકલ તાલીમ આપવામાં આવશે.

રાજકોટના સામુદાયિક આરોગ્ય કેન્દ્રોને અદ્યતન તબીબી સાધનો આપવામાં આવશે, જેના કારણે આશરે 6.5 લાખ લોકોને આરોગ્યસંભાળની વધુ સારી સુવિધા મળશે. TKM એ જણાવ્યું કે કંપનીનો હેતુ શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને આરોગ્ય ક્ષેત્રે ટકાઉ અને અસરકારક CSR પહેલો દ્વારા સમાજને વધુ સશક્ત બનાવવાનો છે.

## પાદરા: શાણપુર ગામે રસ્તાના વિવાદમાં મારામારી

પાદરા : પાદરા ના શાણપુર ગામમાં સરકારી રસ્તો સાફ કરાવવાની બાબતે થયેલી બોલાચાલીએ મારામારીનું સ્વરૂપ ધારણ કરતાં વડું પોલીસ ખાતે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો છે. પ્રાપ્ત માહિતી મુજબ શાણપુર ગામના પટેલ ખડકી વિસ્તારમાં રહેતા અને ખેતી કામ કરતા કંચનભાઈ દામોદરભાઈ પટેલ (ઉ.વ.૭૧)એ નોંધાવેલી ફરિયાદ મુજબ ગતરોજ સવારેના સમયે તેઓ પોતાના ઘરે હાજર હતા ત્યારે ગામના અક્ષયભાઈ હસમુખભાઈ પટેલ, હસમુખભાઈ કેશવભાઈ પટેલ તથા તારાબેન હસમુખભાઈ પટેલ તેમના ઘરે આવ્યા હતા.ફરિયાદ મુજબ આરોપીઓએ ખેતરની પાસે આવેલા સરકારી રસ્તો કેમ સાફ કરાવ્યો તે બાબતે ઉશ્કેરાઈ ગાળો આપી હતી. દરમિયાન અક્ષયભાઈએ હાથમાં રહેલી કોદાળાના પાછળના ભાગથી ફરીયાદીને પીઠના ભાગે માર માર્યો હતો.

### તંત્ર ક્યારે બુલડોઝર ફેરવશે તે ચર્ચાનો વિષય

## સંખેડા ખાતે હાંડોદ ગામે તંત્રની કડકાઈ છતાં દબાણદારો બેફિકર

(પ્રતિનિધિ) સંખેડા, તા.28

સંખેડા તાલુકાના હાંડોદ ગામે કેટલાક દબાણ કારોએ સ્વેચ્છાએ દૂર કર્યા.જોકે હજી પણ મોટાભાગના દબાણો યથાવત છે. તંત્રના અલ્ટીમેટમ બાદ પણ હજીએ દુકાનોના દબાણો યથાવત છે. સંખેડા તાલુકામાં સોમવારથી દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરાયેલી છે.જેમાં સોમવારે કઠોલી રોડ ઉપરના દબાણો દૂર કરવા કાર્યવાહી હાથ ધરાઈ હતી.જોકે હજી પીપળસટ રોડ અને જગદંબા જીનની કમ્પાઉન્ડને અડીને અનેક દબાણો યથાવત છે.

મંગળવારે સંખેડા મામલતદાર જે.એચ. પટેલ તેમજ તેમનો સ્ટાફ પોલીસ બંદોબસ્ત સાથે આ દબાણો દૂર કરવા માટે દુકાનદારોને અલ્ટીમેટમ આપ્યું હતું. એક દિવસમાં દબાણો દૂર કરવા જણાવ્યું હતું. પરંતુ વર્ષોથી ખાઈ બદેલા દબાણ કારો દ્વારા માત્ર આગળની છાજલી જ દૂર કરવા માટે કાર્યવાહી કરી હતી જોકે હજી પતરાની અનેક દુકાનો કેબીનો તેમજ પાકા દબાણો હજીયે યથાવત છે.

તંત્ર દ્વારા આ દબાણો ત્યારે દૂર કરવામાં આવશે તે અંગે ચર્ચાનો વિષય ઉભો થયો છે. દબાણોને કારણે રસ્તો પણ સાંકડો બની જાય છે.ક્યારેક અકસ્માત થવાનો પણ સંભવ રહે છે.જેથી આ દબાણો સત્વરે દૂર કરવા માટે ઘણા સમયથી માંગ કરવામાં આવતી હતી. કેટલાક દબાણો તો વરસાદી પાણીના નિકાલના કાંસ ઉપર પણ ઉભા થયા હોવાની ચર્ચા છે.

## પાદરામાં ભાગવત જ્ઞાનયજ્ઞનું સમાપન મહાપ્રસાદનું આયોજન

પાદરા : પાદરા રંગ પરિવાર દ્વારા આયોજિત 10 દિવસીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સાંજે ભાવસભર વાતાવરણમાં સમાપન થયું હતું. દશમ સ્કંધની પારાયણ પૂર્ણાહુતિ સાથે ધર્મોત્સવ પૂર્ણ થયો હતો. સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે વૈદિક પુંજા યજ્ઞ અને પ્રાતઃપૂજન યોજાયું હતું. વડોદરાના સનાતન ધર્મ પ્રચારક - શંકરાચાર્ય ના સિદ્ધાંતો ને સમાજમાં ફેલાવનાર ડૉ. ગાર્ગીબેન ચંદ્રશેખર પંડિતે ભાગવતની વિશ્વ સ્તુતિ ઉપર પ્રવચન આપ્યું હતું. ભીષ્મ મહારાજ દ્વારા રચિત દ્વારકાધીશની સ્તુતિના સંદર્ભમાં મહાભારતનો ઈતિહાસ સમજાવ્યો હતો. પારાયણ ના સમાપનમાં સંતરામ મંદિરના મહંત મોહનદાસજી મહારાજે ઉપ્સંહારાત્મક પ્રવચન આપી ભગવાન અને ભાગવતના નામનો મહિમા વર્ણવ્યો હતો અને આશીર્વાદ આપ્યા હતા.

## પાદરા પંથકમાં બકરી ઈદનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાઈ ગયો

**પાદરા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ઈદ-ઉલ-અઝહા નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ દેશમાં શાંતિ માટે દુઆ માગી**

(પ્રતિનિધિ) પાદરા, તા.28

પાદરા તથા વડુ પંથકમાં બકરી ઈદનો પવિત્ર તહેવાર શાંતિપૂર્ણ અને ભાઈચારાના માહોલમાં ઉજવાયો હતો. મુસ્લિમ બિરાદરોએ વહેલી સવારથી ઈદગાહ અને મસ્જિદોમાં એકત્રિત થઈ ખાસ નમાઝ અદા કરી હતી તેમજ દેશ-દુનિયામાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે દુઆઓ માગી હતી. ત્યાગ, બલીદાન અને સમર્પણના પ્રતિક સમાન એવા ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ) નિમિત્તે પાદરા નગર ઉપરાંત તાલુકાના વડું, ભોજ, રણુ, સાધી, આંતી, ભદારા સહિત વિવિધ ગામોમાં પણ ધાર્મિક ઉત્સાહ જોવા મળ્યો હતો.

ભારત દેશ સહીત દુનિયા ના લોકો ની શાંતિ,સલામતી માટે પણ દુઆ કરાઈ હતી. નમાઝ પૂર્ણ થયા બાદ મુસ્લિમ સમાજના આગેવાનો અને બિરાદરોએ એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવી હતી. ઈદના તહેવાર પ્રસંગે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પાદરા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ પાદરા પોલીસ મથકના પી.આઇ. ખુબ સુંદર પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. જેના કારણે સમગ્ર પંથકમાં શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ વચ્ચે બકરી ઈદની ઉજવણી સંપન્ન થઈ હતી.

### બોડેલી તાલુકામાં મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઈદની ઉસ્તાહ સાથે નમાઝ અદા



**બોડેલી :** બોડેલી નગર સહીત તાલુકાના અનેક ગામોમાં વહેલી સવારથી મુસ્લિમ વિસ્તારોમાં ઈદના તહેવાર અંતર્ગત ચહેલ પહેલ જોવા મળી હતી મુસ્લિમ બિરાદરો નવા વસ્ત્રો પહેરીને ઈદની વિશેષ નમાજ અદા કરવા માટે ઈદગાહમાં તથા મસ્જિદો માં ઈદની વિશેષ નમાજ અદા કરી સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને ભારત દેશમાં શાંતિ અને ભાઈચારો બની રહે અને દેશ ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે ખાસ વિશેષ દુઆ ગુજારવામાં આવી હતી. ઈદ નો મુખ્ય ઉદ્દેશ દાન આપી ગરીબોને મદદ કરવી અને અલ્લાહની મદદ કરવાનો છે આ દિવસે મુસ્લિમ બિરાદરો એકબીજાને ગલે મળી ઈદ મુબારક બાદ આપે છે. ઈદ એ મુસ્લિમ સમુદાયનો સૌથી મુખ્ય અને પવિત્ર તહેવાર છે તે ત્યાગ બલિદાન અને અલ્લાહ પ્રત્યેની અતુટ શ્રદ્ધાનું પ્રતીક છે આ તહેવાર રમજાન ઈદના લગભગ 70 દિવસ પછી ઈસ્લામી કેલેન્ડરના છેલ્લો મહિનો એટલે બારમા મહિનાની 10 મી તારીખે દુનિયાભરમાં ઉજવવામાં આવે છે જેમાં મુસ્લિમો ભેગા થઈ નમાઝ અદા કરે છે અને કુરબાની આપતા હોય છે ઈદના તહેવાર પ્રસંગે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ ના માર્ગદર્શન હેઠળ ખૂબ જ શાંતિ હોય વાતાવરણમાં ઈદ ની નમાઝ તથા કુરબાની સંપન્ન થઈ હતી.

### શિનોરની મદીના મસ્જિદ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ અદહાની નમાજ અદા કરાઇ



**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના શિનોર અને સાધલી ગામ સ્થિત મદીના મસ્જિદ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ અદહાની પવિત્ર નમાજ અદા કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં નમાજીઓ મસ્જિદ ખાતે એકત્રિત થયા હતા અને ઈદની નમાજ અદા કરી એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી. ઈદુલ અદહાની નમાજ બાદ શિનોર અને સાધલી મદીના મસ્જિદના પેશ ઇમામ મૌલાના અયુબ કાદરીએ સમગ્ર ભારત દેશમાં અમન, શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તે માટે ખાસ દુઆ કરી હતી. સાથે જ દેશની ખુશહાલી, પ્રગતિ અને સૌ સમાજ વચ્ચે એકતા બની રહે તે માટે પણ દુઆઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુસ્લિમ સમાજમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. નાના બાળકો થી લઈને વડીલો સુધી સૌએ ઈદુલ અદહાનો તહેવાર હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો હતો.

### છોટાઉદેપુર મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઈદની શ્રદ્ધાભેર ઉજવણી, વિશ્વ શાંતિ માટે દુઆ ગુજારી



**છોટાઉદેપુર :** બકરી ઈદ ઈદ ઉલ અદહા એ મુસ્લિમ સમુદાયનો સૌથી મુખ્ય અને પવિત્ર તહેવાર છે તે ત્યાગ બલિદાન અને અલ્લાહ પ્રત્યેની અતુટ શ્રદ્ધાનું પ્રતીક છે આ તહેવાર રમજાન ઈદના લગભગ 70 દિવસ પછી ઈસ્લામી કેલેન્ડરના છેલ્લો મહિનો એટલે બારમા મહિનાની 10 મી તારીખે દુનિયાભરમાં ઉજવવામાં આવે છે. છોટાઉદેપુર નગરમાં વહેલી સવારથી મુસ્લિમ વિસ્તારોમાં ઈદના તહેવાર અંતર્ગત ચહેલ પહેલ જોવા મળી હતી મુસ્લિમ બિરાદરો નવા વસ્ત્રો પહેરીને ઈદની વિશેષ નમાજ અદા કરવા માટે ખુલ્લા મેદાન ઈદગાહમાં તથા મસ્જિદો માં ઈદની વિશેષ નમાજ અદા કરી સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને ભારત દેશમાં શાંતિ અને ભાઈચારો બની રહે અને દેશ ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે ખાસ વિશેષ દુઆ ગુજારવામાં આવી હતી. ઈદના તહેવાર પ્રસંગે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ ના માર્ગદર્શન હેઠળ છોટાઉદેપુર પોલીસ મથકના પી.આઇ. એચ.એમ. રબારીએ ખુબ સુંદર પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

### ડભોઇમા મુસ્લીમ સમાજ ધ્વારા ઇદ ઉલ અઝહાની ઉજવણી કરાઇ



**ડભોઇ :** ઈસ્લામી કેલેન્ડર ના 12 મા મહીના જીલ્હજની 10(ચાંદ) તારીખે ઇસ્લામ ધર્મ ના પયગંબર હજરત ઇબ્રાહીમ અ.સ.ની યાદ મા કુર્બાની કરી ઇદ ઉલ અઝહા નુ પર્વ ધાર્મિક શ્રધ્ધા અને શાંતિપુર્ણ વાતાવરણ મા સાદાઇ થી મનાવવામા આવે છે.ઇદ ના પર્વ નિમિત્તે વહેલી સવારે મુસ્લીમ બિરાદરો એ ઇદગાહ અને વિવિધ મસ્જીદો મા ઇદ ની નમાજ અદા કરી હતી. ડભોઇ પંથક મા મુસ્લીમ બિરાદરો એ ઈસ્લામ ધર્મના પવિત્ર તહેવાર ઇદ ઉલ અઝહા ની ઉજવણી કરી હતી. જામા મસ્જીદ ના પેશ ઇમામ મૌલાના અનવર સાહેબે રાષ્ટ્રની શાંતિ, સલામતી, ભાઇચારા અને મજબુત રાષ્ટ્રના નિર્માણ માટે ખાસ દુઆ કરાઈ હતી. ભારત દેશ સહીત દુનિયા ના લોકો ની શાંતિ,સલામતી માટે પણ દુઆ કરાઇ હતી. તેમજ મુસ્લીમ સમાજ ના લોકો ને વતન પરસ્ત રહેવા,વતન પ્રત્યે વફાદાર રહી ત્યાગ અને બલિદાનની ભાવના સાથે રહેવા પ્રસ્પર પ્રેમ અને ભાઇચારા સાથે જીવવાના ઉપદેશ આપી ઇદની ખાસ નમાજ બાદ દુઆ ગુજારી હતી. ડભોઇ પોલીસ ધ્વારા લોખંડી બંદોબસ્ત પૂરો પાડ્યો હતો. આમ ડભોઇ મા મુસ્લીમ બિરાદરો ધ્વારા કોમી એખલાશ, ભાઇચારા અને શાંતિના માહોલ મા ઇદ ઉલ અઝહાની ઉજવણી કરાઇ હતી.